રાજયની નહેરો તથા કાંસ સાથે High Speed Railway તથા DFCCILની પથરેખાના થતા ક્રોસિંગ માટેની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૯/૫૦/યુઓઆર/કે-૧/એમઆઇસેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ /૧૨/૨૦૧૯
0 5 DEC 2019

વંચાણે લીધાઃ-

(૧) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીએમઇ/૨૦૧૪/૬૬ /પી, તા.૦૭/૦૧/૨૦૧૫.

**આમુખઃ -**

રાજયમાં વિવિધ કંપનીઓ, એકમો, સંસ્થાઓ, રાજય અને કેન્દ્ર સરકારના જાહેર સાહસો વિગેરે તરફથી કુદરતી ગેસ પરિવહન, ઓઇલ પરિવહન, ક્રુડ ઓઇલ પરિવહન, એફ્લ્યુઅન્ટ પરિવહન તેમજ પાણી વહન કરતી પાઇપ લાઇનો નાંખવા માટે આવી પાઇપ લાઇનની પથરેખામાં આવતી નોટીફાઇડ નદીઓ, નહેરો, નાળાં, ડ્રેઇન્સ વિગેરેને ક્રોસ કરવા માટે તેમજ નહેરને સમાતંર નહેરની સંપાદિત જમીનમાં વિવિધ પ્રકારની પાઇપ લાઇન નાખવા અધિક્ષક ઇજનેરશ્રીઓ દ્વારા ભલામણ સહ રજુ થતી દરખાસ્તોને જરૂરી સૈદ્ધાંતિક મંજૂરી સંદર્ભ-(૧) હેઠળના તા.૦૭-૦૧-૨૦૧૫ ના ઠરાવથી મંજૂર કરાયેલ શરતોને આધીન આપવામાં આવે છે.

હાલમાં High Speed Railway તથા The Dedicated Freight Corridor Corporation of India Limited (DFCCIL) ની પથરેખા વિભાગની નહેરો તથા કાંસને જુદી જુદી જગ્યાએ ક્રોસ કરે છે, જેને વિભાગીય કચેરીઓ દ્વારા નહેરો તેમજ કાંસોની સ્થળ સ્થિતિ, તાંત્રિક બાબતો અને હાઇડ્રોલિક ડેટા ચકાસીને સક્ષમ કક્ષાએથી ક્રોસિંગની પૂર્વ મંજુરી મેળવવાની શરતે 'No Objection Certificate' આપવામાં આવે છે. પરંતુ નહેરો કે કાંસો સાથેના ક્રોસિંગ માટેની વસુલાત અંગેના કોઇ ઠરાવો ન હોઇ, વિવિધ ક્ષેત્રિય કચેરીઓ તરફથી સદરહુ બાબતે મંજુરી આપવા નીતિ નક્કી કરવા દરખાસ્તો રજુ થાય છે. જેને લઇને જળસંપત્તિ વિભાગ હસ્તકની નહેરો તથા કાંસોના High Speed Railway તથા DFCCIL ક્રોસિંગને મંજુરી આપવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે વિભાગ હસ્તકની નહેરો તથા કાંસોના High Speed Railway તથા DFCCIL ક્રોસિંગને મંજુરી આપવા બાબતે અધિક્ષક ઇજનેરશ્રી કક્ષાએથી નીચે મુજબની શરતોને આધિન મંજુરી આપવાની રહેશે.

1) High Speed Railway તથા DFCCILની પથરેખા નહેરો/કાંસોને ક્રોસ કરે તેની મંજૂરીની કાર્યવાહી માટે દરેક ક્રોસિંગ દીઠ રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) પ્રોસેસીંગ ફી તરીકે વસૂલ કરી લેવાના રહેશે

2) નહેરોના સર્વિસ રોડ / કાંસોના પાળાની ઉપરની સપાટીથી ઓછામાં ઓછું ૪.૫૦ મીટરનું Vertical Clearance સ્ટ્રકચર/બ્રીજના બાંધકામ વખતે રાખવાનું રહેશે.

3) ક્રોસિંગની કામગીરી સંબંધે કોઈપણ હયાત સ્ટ્રકચર કે નહેર/કાંસને નુકસાન ન થાય તે માટે જરૂરી જણાય તેવી તમામ કાળજી લેવાની રહેશે તથા ભવિષ્યમાં આવા સંજોગો ઉદભવે તો તેની નુકશાન અંગેનો સઘળો ખર્ચ **High Speed Railway** તથા **DFCCIL** દ્વારા ભરપાઈ કરવાનો રહેશે.

4) ક્રોસીંગની લંબાઇ નહેરની જમીન સંપાદન થયેલ પહોળાઇ જેટલી લઘુતમ રાખવાની રહેશે અને જે કિસ્સામાં નહેરની બંને બાજુએ વરસાદી પાણીના ડ્રેનેજ માટે જમીન સંપાદન થયેલ ન હોય તે કિસ્સામાં વરસાદી પાણીના ડ્રેનેજ માટે જરૂરી જમીનની પહોળાઇ સ્થાનીક કક્ષાએ નક્કી કરી તેટલી પહોળાઇ ચકાસણી કર્યા બાદ વધારવાની રહેશે.

5) કાંસોના કિસ્સામાં સંપાદિત કરેલ જમીનની પહોળાઇ જેટલી પહોળાઇ રાખવાની રહેશે. જે કિસ્સામાં કાંસમાં જમીન સંપાદન થયેલ ન હોય તે કિસ્સામાં કાંસની બન્ને બાજુએ ૩.૫ મીટર અંતર રાખીને પહોળાઇ નક્કી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એસ. બી. પ્રજાપતિ)**
ખાસ ફરજ પરનાં અધિકારી (સિં.યો)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

1) માન.મુખ્યમંત્રીશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
2) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય
3) ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય
4) સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય
5) નાણાકીય સલાહકારશ્રી (જ.સં), સચિવાલય, ગાંધીનગર.
6) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ
7) નાયબ સચિવશ્રી, (તપાસ), સચિવાલય, ગાંધીનગર.
8) સર્વે ઉપસચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર.
9) સર્વે પ્રોજેકટ શાખા (ક-૨, ક-૩, જ, પી) સચિવાલય, ગાંધીનગર.
10) એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, નવરંગપુરા, અમદાવાદ.
11) એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ.
12) સિલેકટ ફાઇલ.